પનીર માટે રેસ્ટોરન્ટ અને ઢાબા પર રાજ્ય વ્યાપી ચેકિંગ

આરોગ્ય વિભાગે લાખોનો દંડ કરી હજારો કિલો જથ્થાનો નાશ કર્યો

ગાંધીનગર : ગુજરાત રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા તાજેતરમાં રાજ્યવ્યાપી એક મેગા સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય હોટેલ, રેસ્ટોરન્ટ અને અન્ય ફૂડ સર્વિસ એકમોમાં વપરાતા પનીર અને ચીઝની ગુણવત્તા તપાસવી, તેની સાચી ઓળખ સુનિશ્ચિત કરવી અને ગ્રાહકોમાં જાગૃતિ લાવવાનો હતો. ખોરાક નિયમન તંત્ર દ્વારા ૦૪ એપ્રિલથી ૦૯ એપ્રિલ દરમિયાન હાથ ધરવામાં આવેલી આ તપાસમાં ફૂડ સેફ્ટી ઓફિસરોએ હોટેલ, રેસ્ટોરન્ટ, ઢાબા અને ઉત્પાદક એકમો પર દરોડા પાડ્યા હતા. આ કામગીરીના આંકડા નીચે મુજબ છે. રાજ્યની ફૂડ સેફ્ટી વાન દ્વારા સ્થળ પર જ પ્રાથમિક પરીક્ષણની સુવિધા પૂરી પાડવામાં આવી હતી. જેમાં ૬૫૯ એકમોની તપાસ કરવામાં આવી અને કુલ ૬૭૯ નમૂનાઓનું સ્થળ પર જ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન તંત્રએ એક મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે કે "એનાલોગ પનીર" એ નકલી પનીર નથી, પરંતુ તે ડેરી પનીરનો એક વિકલ્પ છે. ગ્રાહકો અને વેપારીઓમાં આ બાબતે સાચી સમજ વિકસાવવામાં તંત્રને સફળતા મળી છે. જોકે, ડિસ્પ્લે બોર્ડ પર તેની સ્પષ્ટ જાણકારી આપવી ફરજિયાત છે. નિયમોનું ઉલ્લંઘન કરનારા એકમો સામે દંડ અને કાયદેસરની કાર્યવાહી ચાલુ છે. તંત્ર દ્વારા જણાવાયું છે કે આ સ્પેશિયલ ડ્રાઈવ ભવિષ્યમાં પણ ચાલુ રહેશે અને ઉત્પાદક પેઢીઓ તથા વિક્રેતાઓને ત્યાં પનીર કે એનાલોગના વેચાણ અંગે વધુ સઘન તપાસ કરવામાં આવશે.

ફૂડ સેફ્ટી વિભાગની કાર્યવાહી

- » **કુલ તપાસાયેલ એકમો:** ૨૫૨૭ (ઉત્પાદક, હોટેલ, રેસ્ટોરન્ટ, ઢાબા વગેરે)
- » **નોટિસ ફટકારવામાં આવી:** ૨૭૦ એકમોને
- » **સીલ કરાયેલ પેઢીઓ:** ૧૮ એકમોને નિયમોના ઉલ્લંઘન બદલ બંધ કરાવાયા
- » **વસૂલ કરાયેલ દંડ:** રૂ. ૨,૮૪,૩૦૦/-
- » **જપ્ત કરી નાશ કરાયેલ જથ્થો:** ૭૦૩ કિલોગ્રામ (અખાદ્ય પનીર/ચીઝ)
- » **લેવામાં આવેલ નમૂનાઓ:** ૯૫ નમૂનાઓ લેબોરેટરી પરીક્ષણ માટે લેવાયા

સુરતમાં ફરી વધતી ગરમીનો માર

તાપમાન ૩૩.૮ ડિગ્રી પર પહોંચ્યું, ભેજ ઘટતા ઉકળાટમાં વધારો

બુધવારના પવન અને વાદળછાયા વાતાવરણ બાદ ગુરુવારે કાળઝાળ ગરમીનો અનુભવ

સુરતઃ સુરત શહેરમાં ગઈકાલે ભારે પવનો અને વાદળછાયા વાતાવરણને કારણે લોકોને ગરમીમાંથી થોડો રાહત અનુભવાયો હતો, પરંતુ આજે હવામાનમાં અચાનક ફેરફાર થતાં ફરી એકવાર કાળઝાળ ગરમીનો સામનો કરવો પડ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં આજે મહત્તમ તાપમાનમાં આશરે દોઢ ડિગ્રીનો વધારો નોંધાતા તે ૩૩.૮ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે અને તે બે ડિગ્રી ઘટીને ૨૩.૬ ડિગ્રી સુધી આવી ગયું છે. તાપમાનમાં આ બદલાવને કારણે દિવસ દરમિયાન ગરમીનો પ્રભાવ વધુ તીવ્ર રહ્યો હતો. ખાસ કરીને બપોરના સમયે રસ્તાઓ પર લોકોની અવરજવર ઘટી જોવા મળી હતી. હવામાં માત્ર ૨૯ ટકા ભેજ નોંધાતા ઉકળાટમાં વધારો થયો હતો. સામાન્ય રીતે વધારે ભેજથી ચિપચિપાટ અનુભવાય છે, પરંતુ ઓછા ભેજ સાથે વધતા તાપમાનને કારણે સૂકી ગરમીનો અનુભવ ₹થયો હતો. સાથે જ દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી લગભગ ૪ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા પણ ગરમીમાં ખાસ રાહત મળી નહોતી.

જેના કારણે શહેરવાસીઓને તાપમાનથી બચવા માટે સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે. નિષ્ણાતો દ્વારા ખાસ કરીને બપોરના સમયે બહાર ન નીકળવા, પૂરતું પાણી પીવાનું અને સૂર્યપ્રકાશથી બચવા માટે યોગ્ય પગલાં લેવા સૂચન કરવામાં આવ્યું છે.

ઈઝરાયેલે યુદ્ધવિરામનો ભંગ કરીને લેબેનોન પર હુમલો કેમ કર્યો?

અમેરિકા અને ઈરાન વચ્ચે પાકિસ્તાને કરાવેલો યુદ્ધવિરામ તકલાદી પુરવાર થયો છે. આ યુદ્ધવિરામનો અમલ શરૂ થયો તેના બે જ કલાકમાં ઈઝરાયેલે લેબેનોન પર અત્યાર સુધીનો સૌથી ભીષણ હુમલો કર્યો છે અને ઈરાને ફરીથી હોર્મુઝની ખાડીનો રસ્તો બંધ કરી દીધો છે. હકીકતમાં પાકિસ્તાન દ્વારા જે કથિત યુદ્ધવિરામ કરાવવામાં આવ્યો તે અમેરિકા માટે મજબૂરીનો સોદો હતો અને ઈઝરાયેલ તેમાં સંમત જ નહોતું. આ યુદ્ધવિરામ બાબતમાં ઈઝરાયેલના વડા પ્રધાન નેતન્યાહુને વિશ્વાસમાં જ લેવામાં આવ્યા નહોતા, પણ ઈરાન દ્વારા લેબેનોન પર હુમલો ન કરવાની કલમ મૂકી દેવામાં આવી હતી, જે ઈઝરાયેલને માન્ય જ નહોતી. ઈઝરાયેલ આ યુદ્ધવિરામથી છંછેડાયેલું હતું, કારણ કે ઈરાનમાં સત્તાપલટો કરાવવાની તેની ઇચ્છા અધૂરી રહી ગઈ હતી. આ ઇચ્છા પૂરી કરવા ઈઝરાયેલે લેબેનોન પર કચકચાવીને હુમલો કર્યો હતો, જેને કારણે ઈરાનને હોર્મુઝનો રસ્તો બંધ કરી દેવાનું બહાનું મળી ગયું હતું. જો યુદ્ધવિરામની શરતોનો અમલ થાય તો પણ ઈરાન માટે હોર્મુઝની સામુદ્રધુની હવે સોનાનાં ઈંડાં આપતી મરઘી બની ગઈ છે.

આ શરત મુજબ હોર્મુઝની સામુદ્રધુનીનું નિયંત્રણ ઈરાનના હાથમાં રહેશે અને તે તેમાંથી પસાર થતાં જહાજો પાસેથી ટોલ ટેક્સ પણ ઉઘરાવી શકશે. હકીકતમાં યુદ્ધવિરામ થયો તે પહેલાંથી ઈરાને હોર્મુઝમાંથી પસાર થતાં જહાજો પાસેથી જહાજ દીઠ ૨૦ લાખ ડોલરનો ટેક્સ ઉઘરાવવાનું શરૂ કરી દીધું હતું. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ ટેક્સ અમેરિકાના ડોલરમાં નહીં પણ ચીનના યુઆનમાં ચૂકવવાનો રહે છે. એક અંદાજ પ્રમાણે હોર્મુઝની સામુદ્રધુનીના માર્ગે રોજનું આશરે બે કરોડ બેરલ ખનિજ તેલ પસાર થાય છે. ઈરાનની યોજના જહાજો પાસેથી બેરલ દીઠ એક અમેરિકન ડોલર સમકક્ષ યુઆનનો ટેક્સ ઉઘરાવવાની છે. આ રીતે ઈરાનને રોજના કરોડો યુઆનની આવક થઈ જશે, જેના વડે તે ચીન પાસેથી શસ્ત્રો ખરીદી શકશે. આ કારણે ચીનનું અર્થતંત્ર મજબૂત બનશે અને અમેરિકાના ડોલરનું વિશ્વવ્યાપી સામ્રાજ્ય નબળું પડશે.

ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત થઈ કે તરત ઇઝરાયલે લેબનોનમાં મોટા પાયે હવાઈ હુમલા કર્યા હતા, જેમાં ઓછામાં ઓછા ૨૫૪ લોકો માર્યા ગયાં હતાં. ઈરાન અને મધ્યસ્થી પાકિસ્તાને દાવો કર્યો હતો કે યુદ્ધવિરામની શરતોમાં લેબનોન પર હુમલા રોકવાનો સમાવેશ થાય છે, પરંતુ ઇઝરાયલે કહ્યું છે કે લેબનોન પર હુમલા બંધ કરવા એ યુદ્ધવિરામનો ભાગ નથી. ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ આ હુમલાઓને યુદ્ધ શરૂ થયા પછી લેબેનોનમાં શાસન કરતાં હિઝબુલ્લાહ માટે સૌથી મોટો ફટકો ગણાવ્યો હતો. ઇઝરાયલે દાવો કર્યો હતો કે તેમણે માત્ર ૧૦ મિનિટમાં લેબનોનમાં ૧૦૦ લક્ષ્યો પર હુમલો કર્યો છે. આ હુમલાઓ લેબનોનની રાજધાની બૈરૂત, બેકા ખીણ અને દક્ષિણ લેબનોનમાં કરવામાં આવ્યા હતા, જેમાં રહેણાંક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ દિવસ લેબનોન માટે સંઘર્ષનો સૌથી ઘાતક દિવસ સાબિત થયો, જેમાં ઓછામાં ઓછા ૨૫૪ લોકો માર્યા ગયાં અને ૧,૧૦૦ થી વધુ ઘાયલ થયાં હતાં. બચાવ ટીમો કાટમાળ નીચે બચી ગયેલાં લોકોને શોધી રહી હોવાથી મૃત્યુઆંક વધવાની ધારણા છે. છેલ્લાં છ અઠવાડિયાંમાં લેબનોનમાં યુદ્ધમાં ૧૩૦ બાળકો સહિત ૧,૫૦૦ લોકો માર્યા ગયા છે, જ્યારે ૧૦ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. લેબનોનમાં ઇઝરાયલી હુમલાઓ આ નાજુક યુદ્ધવિરામને જોખમમાં મૂકી રહ્યા છે. ઈરાને ચેતવણી આપી છે કે જો લેબનોનમાં હુમલા બંધ નહીં થાય, તો તે એવો જવાબ આપશે કે તેના દુશ્મનોને પસ્તાવો થશે.

યુદ્ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

અમેરિકા-ઈરાન યુદ્ધવિરામમાં લેબનોન પર હુમલા રોકવાનો સમાવેશ થાય છે કે કેમ તે અંગે સ્પષ્ટ ગૂંચવાડો છે. ઈરાન અને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ બંનેએ કહ્યું છે કે આ કરાર લેબનોનને પણ લાગુ પડે છે. આ યુદ્ધવિરામમાં પાકિસ્તાને મધ્યસ્થીની ભૂમિકા ભજવી છે, પરંતુ ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ યુદ્ધવિરામમાં લેબનોનનો સમાવેશ થતો નથી. તાજેતરનાં અઠવાડિયાંમાં ઇઝરાયલે દક્ષિણ લેબનોનમાં ભૂમિ સૈનિકો મોકલ્યા છે અને કહ્યું છે કે જ્યાં સુધી હિઝબુલ્લાહનો ખતરો સંપૂર્ણપણે નાબૂદ ન થાય ત્યાં સુધી તે લિટાની નદીના દક્ષિણ વિસ્તાર પર નિયંત્રણ જાળવી રાખશે. ઇઝરાયલે લેબનોનમાં હિઝબુલ્લાહના નિયંત્રણ હેઠળના વિસ્તારો પર મોટા પાયે હુમલો કર્યો છે. આ હુમલાઓમાં ઘરો અને ગામડાંઓનો નાશ થયો છે. ઇઝરાયલે કહ્યું છે કે જ્યાં સુધી હિઝબુલ્લાહ હટશે નહીં ત્યાં સુધી તેમને પાછા ફરવા દેવામાં આવશે નહીં. ઈરાને લેબનોન પર ઇઝરાયલી હુમલાને યુદ્ધવિરામ કરાર માટેની તેની ૧૦ મુદ્દાની યોજનાનું ઉલ્લંઘન ગણાવ્યું હતું, જેમાં લેબનોનમાં હુમલાઓ રોકવાની પણ હાકલ કરવામાં આવી હતી.

અમેરિકાના ઈરાન સાથેના બે અઠવાડિયાંના યુદ્ધવિરામમાં પાકિસ્તાનની ભૂમિકાની ચર્ચા થઈ રહી છે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ યુદ્ધવિરામમાં ચીનની ભૂમિકાનો સ્વીકાર કર્યો છે. ન્યૂઝ એજન્સી એએફપી સાથે વાત કરતાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેમનું માનવું છે કે ચીને ઈરાનને વાટાઘાટો માટે રાજી કર્યું છે. હકીકતમાં ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને નેસ્તનાબૂદ કરી નાખવાની ધમકી આપી તે પછી ચીને અમેરિકાને ધમકી આપી હતી કે જો ઈરાનના નાગરિક ઠેકાણાં પર હુમલા કરવામાં આવશે તો ચીન તે તમાશો જોઈ રહેશે નહીં. પડદા પાછળ ચીન ઉપરાંત રશિયાનું દબાણ પણ કામ કરી ગયું છે. ડોનાલ્ડ ટ્રમ્પ આવતા મહિને બેઇજિંગની મુલાકાતે જવાના છે, જ્યાં તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરવાના છે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે જણાવ્યું હતું કે એક જવાબદાર મુખ્ય દેશ તરીકે ચીન રચનાત્મક ભૂમિકા ભજવવાનું ચાલુ રાખશે અને મધ્ય પૂર્વમાં શાંતિ અને સુરક્ષા પુનઃસ્થાપિત કરવામાં યોગદાન આપશે. માઓ નિંગને એક પત્રકારે પૂછ્યું કે શું તેઓ ચીન અંગેના ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનની પુષ્ટિ કરશે. તેમને એ પણ પૂછવામાં આવ્યું કે જો ચીન સામેલ હોય તો કરારના કયા મુદ્દાઓ પર સંમતિ સધાઈ હતી. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ આનો સીધો જવાબ આપ્યો ન હતો, પરંતુ તેમણે કહ્યું હતું કે યુદ્ધ શરૂ થયું ત્યારથી ચીન શાંતિને પ્રોત્સાહન આપવા અને યુદ્ધ અટકાવવા માટે સક્રિયપણે કામ કરી રહ્યું છે. ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ સંબંધિત દેશોના વિદેશ પ્રધાનો સાથે સતત ૨૬ વાર ફોન પર વાતચીત કરી છે. મધ્ય પૂર્વના મુદ્દાઓ પર ચીન સરકારના ખાસ દૂતે મધ્ય પૂર્વ અને ગલ્ફ ક્ષેત્રની ઘણી મુલાકાતો પણ લીધી છે.

ભારતમાં ચીનના રાજદૂત ઝુ ફેઇહોંગે X પર પોસ્ટ કરી હતી કે ઈરાન સંઘર્ષ શરૂ થયો ત્યારથી તેમણે અને વિદેશ પ્રધાન વાંગ યીએ ૨૬ વખત ફોન પર વાત કરી છે. ફેઇહોંગે ચીનના વિદેશ મંત્રીએ જે દેશો સાથે વાત કરી છે તેની યાદી આપતો ગ્રાફ પણ પોસ્ટ કર્યો છે. સંબંધિત દેશોની યાદીમાં અમેરિકા અને ભારત બંનેનો સમાવેશ થતો નથી. જો કે, ચીનના વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું છે કે ચીન અને પાકિસ્તાને ગલ્ફ અને મધ્ય પૂર્વ ક્ષેત્રમાં શાંતિ પાછી લાવવા માટે સંયુક્ત રીતે પાંચ મુદ્દાની પહેલ રજૂ કરી છે. આ પાંચ મુદ્દા શું છે તે અંગે ચીને કંઈ કહ્યું નથી.

જો અમેરિકા અને ઈરાન વચ્ચેનો કરાર અમલમાં આવે તો પણ હોર્મુઝની સામુદ્રધુની પર ઈરાનનું કાયમી નિયંત્રણ રહેશે અને ઈરાન દ્વારા તગડો ટોલ ટેક્સ પણ વસૂલ કરવામાં આવશે. આ કારણે એક નવી વિશ્વવ્યવસ્થા અમલમાં આવશે, જેમાં અમેરિકાનો ડોલર નબળો પડશે અને ચીનનો યુઆન મજબૂત બનશે. હોર્મુઝની ખાડી અમેરિકાના પતનનું કારણ બની ગઈ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

જો અમેરિકા અને ઈરાન વચ્ચેનો કરાર અમલમાં આવે તો પણ હોર્મુઝની સામુદ્રધુની પર ઈરાનનું કાયમી નિયંત્રણ રહેશે અને ઈરાન દ્વારા તગડો ટોલ ટેક્સ પણ વસૂલ કરવામાં આવશે

વરિયાવમાં વૃદ્ધનો હાથ વોશરૂમની ગટરમાં ફસાયો

ફાયર બ્રિગેડના જવાનોએ બાથરૂમ તોડી કલાકોની જહેમત બાદ હાથ સુરક્ષિત બહાર કાઢ્યો

સુરતઃ સુરતના વરિયાવ ગામે ડીડી સ્પોર્ટ્સ સર્કલ પાસે આવેલા રિવન્ટ આ ગાર્ડન નજીક રહેતા એક વૃદ્ધ સાથે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. અહીં રહેતા 64 વર્ષીય કૌશિકભાઈ પોકિયા સાંજે સાડા ચાર વાગ્યાના અરસામાં વોશરૂમમાં ગયા હતા. એ સમયે વોશરૂમની ગટર લાઈનમાં કોઈ વસ્તુ પડી ગઈ હતી, જેને બહાર કાઢવાના પ્રયાસમાં કૌશિકભાઈએ ગટર લાઈનની અંદર હાથ નાંખ્યો હતો. કમનસીબે, તેમનો હાથ ગટર લાઈનની પાઈપમાં અડધો ફૂટ જેટલો અંદર ફસાઈ ગયો હતો. ઘણો પ્રયત્ન કરવા છતાં હાથ બહાર ન નીકળતાં તેઓએ બૂમાબૂમ કરી હતી.

ઘટનાની જાણ તાત્કાલિક ધોરણે ફાયર બ્રિગેડ વિભાગને કરવામાં આવતાં વરિયાવ ફાયર સ્ટેશનથી જવાનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ફાયરના જવાનોએ પરિસ્થિતિની ગંભીરતા જોઈ અત્યંત સાવધાનીપૂર્વક કામગીરી શરૂ કરી હતી. વૃદ્ધને વધુ ઈજા ન થાય એ રીતે બાથરૂમનો ગટર લાઈનવાળો તમામ ભાગ તોડી નાંખવામાં આવ્યો હતો. આશરે અડધા કલાકની ભારે જહેમત બાદ ફાયરના જવાનોએ કૌશિકભાઈનો હાથ સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો. હાથ બહાર નીકળતા જ કૌશિકભાઈ અને તેમના પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો.

વૃદ્ધ પાસે ડબ્બા ટ્રેડિંગમાં રોકાણ કરાવી ૧૯.૫૦ લાખનો ચૂનો

પોણા બે કરોડનું નુકસાન થયું છે તે નહીં ભરવા માટે બીજા ૯ લાખ પડાવ્યા

સુરતઃઅડાજણમાં રહેતા વૃદ્ધને ડબ્બા ટ્રેડિંગમાં રોકાણના નામે 30 ટકા વળતરની લાલચ આપી ભેજાબાજોએ રૂ. ૧૯.૫૦ લાખની છેતરપિંડી આચરી હોવાની ઘટના સામે આવી છે.

ઠગોએ શરૂઆતમાં 10 લાખ રોકાણ કરાવ્યા બાદ વૃદ્ધને વોઈસ કોલ કરી જણાવ્યું હતું કે, "તમારે પોણા બે કરોડનું નુકસાન થયું છે ભરપાઈ ન કરવા કહી વધુ 9 લાખ ખંખેરી મોબાઈલ બંધ કરી દીધા હતા

જાન્યુઆરી મહિનામાં અડાજણની માધવાનંદ સોસાયટીમાં રહેતા ૬૯ વર્ષીય પ્રફુલભાઈ દલસુખભાઈ પાનવાલા ઉપર રાજેશ ગુપ્તા નામના શખ્સનો ફોન આવ્યો હતો. તેણે પોતે સોમનાથથી બોલતો હોવાનું અને શેરબજારમાં ટિપ્સ આપી નફામાં ૩૦ ટકા કમિશનની શરતે રોકાણ કરવાનું જણાવ્યું હતું. ઠગે પ્રફુલભાઈને 'ડબ્બા ટ્રેડિંગ'માં રોકાણ કરવા સમજાવી રાજુભાઈ બ્રોકર નામના શખ્સનો સંપર્ક નંબરો આપ્યો હતો.શરૂઆતમાં આરોપીઓએ ડિપોઝિટ પેટે રૂ. ૫૦,૦૦૦ની માંગણી કરી પ્રફુલભાઈના પાનકાર્ડ અને આધારકાર્ડના ફોટા મેળવી લીધા હતા. ત્યારબાદ આપેલા UPI આઈડી પર ટુકડે ટુકડે રૂ. ૫૦,૦૦૦ ટ્રાન્સફર કરાવાયા હતા. ઠગોએ વળતરનો આભાસ કરાવવા માટે પ્રફુલભાઈને ક્લાયન્ટ કોડ આપ્યો હતો અને મારુતિ કંપનીના શેર લીધા હોવાના ખોટા ફોટા વોટ્સએપ પર મોકલી વિશ્વાસ જીત્યો હતો.

વધારે પ્રોફિટની લાલચ આપી આરોપીઓએ પ્રફુલભાઈ પાસે અંદાજે રૂ. ૧૦ લાખનું રોકાણ કરાવ્યું હતું. ત્યારબાદ અચાનક વોઈસ કોલ કરી જણાવ્યું હતું કે, "તમારે પોણા બે કરોડનું નુકસાન થયું છે અને જો આ નુકસાન ભરપાઈ કરવું હોય તો વધુ રૂ. ૯ લાખ જમા કરાવો". ડરી ગયેલા વૃદ્ધે નુકસાનના ડરે વધુ ૯ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. આમ, કુલ રૂ. ૧૯,૫૦,૦૦૦ પડાવી ફોન બંધ કરી દીધો હતો.

પાલિયા ગ્રાઉન્ડ પાસે તલવારથી હુમલો કરનારા બે માસિયાઈ ભાઈ પકડાયા

સુરતઃ પાલિયા ગ્રાઉન્ડ, લાપસીવાળી ચાલમાં બુધવારે મોડી રાત્રે બે વાગ્યે ભાઈ બહેન વચ્ચે ઝઘડો ચાલી રહ્યો હતો. જેમાં વચ્ચે પડી સમાધાન કરાવવા પડોશી ધર્મ નિભાવવા ગયેલા યુવાન પર તલવાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ ગુનામાં સંડોવાયેલા બે માસિયાઈ ભાઈની લાલગેટ પોલીસે ધરપકડ કરી હતી.

લાપસીવાળી ચાલમાં રહેતા રવિ ઉર્ફે ભોલો જશવંત રાઠોડ (ઉ.વ.21) તેની બહેન આશા સાથે કોઈ કારણોસર ઝઘડો કરતો હતો. રાત્રિના બે વાગ્યાનો સમય હતો જેથી પડોશમાં રહેતા સુનીલ દેવીદાસ (ઉ.વ.30) સમાધાન કરાવવા ગયો હતો. એ સમયે ત્યાં હાજર રવિના માસીના દીકરા ભાઈ રવિ ઉર્ફે ભંગુ અશોક રાઠોડ (ઉ.વ.24) દોડીને તેના ઘરમાંથી તલવાર લાવ્યો હતો અને સુનીલની આંખના ભાગે તલવારનો ઘા ઝીંકી દીધો હતો. જેમાં સુનીલને સાત ટાંકા લેવા પડ્યે તેટલી ગંભીર ઈજા થઈ હતી.

૨૬.૪૭ લાખની ઠગાઈ કેસમાં આરોપીને જામીન

સુરતઃ રુપિયા ૨૬.૪૭ લાખની ઠગાઈ કેસમાં કોર્ટે આરોપીનાં જામીન મંજૂર કર્યા હતા.

ભેસ્તાન માલબરી હેવન ખાતે રહેતા અંકિત રામકૃષ્ણ તિવારીની વિરુદ્ધ ખટોદરા પોલીસ સ્ટેશને વિશ્વાસઘાત- છેતરપીંડી ની ફરિયાદ નોંધાઈ હતી. રુપિયા ૨૬.૪૭ લાખની કિંમતનાં ગ્રે કાપડની ખરીદીમાં પેમેન્ટ નહીં ચુકવવાનો આરોપ હતો.જેમાં આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી અંકિત તિવારીએ વકીલ મારફતે કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. આરોપી અરજદાર તરફે વકીલ આરવી મોદી, મુકુંદ રામાણીએ દલીલો કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ઉનાળાનું અમૃત

ઉનાળાનું છડ્ડુ અમૃત! લીલું લીલું તરબૂચ! તેના શરબત પીવાથી દૂર થાય, ઓછા પેશાબની ગૂંચ.

સુડોકુ ૬૪૯૩ - 'કૃતિ'

૩	૪	૯		૧				
૬	૮	૨	૩					
૭		૧		૪	૮	૯	૩	
૪		૫		૩	૧			
૨	૬		૭		૪			
૧	૩		૫		૨		૯	૮
		૪		૨		૬		૫
૮	૧	૬		૭			૨	૯
૫	૨			૮	૬	૧		૪

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ ઉકેલ-૬૪૯૩

૩	૪	૯	૬	૧	૭	૮	૫	૨
૬	૮	૨	૩	૫	૯	૭	૪	૧
૭	૫	૧	૨	૪	૮	૯	૩	૬
૪	૯	૫	૮	૩	૧	૨	૬	૭
૨	૬	૮	૭	૯	૪	૫	૧	૩
૧	૩	૭	૫	૬	૨	૪	૯	૮
૯	૭	૪	૧	૨	૩	૬	૮	૫
૮	૧	૬	૪	૭	૫	૩	૨	૯
૫	૨	૩	૯	૮	૬	૧	૭	૪

આજનું પંચાંગ

તા. 10/04/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વિક્રમ સંવત : 2552 **માસ :** ચૈત્ર
તિથિઃ વદઃ આઠમઃ 23:16, કાલાષ્ટમી
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ચૈત્રઃ 20
યોગ : શિવ **કરણઃ** બાવલ
નક્ષત્ર : પૂ.ષા.:11:28
રાશિઃ ધન (ભ,ધ,ફ,ઢ) 18:05 પછી મકર (ખ.જ.)
દિવસ : મિશ્ર - મંગળ પૂર્વોદય, બુધ મીનમાં 25:14થી
સુરતમાં સૂર્યોદય : 06:25 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:54
નવકારસી : 07:13
પારસી વર્ષ : 1395 આવાં માસનો 29મો રોજ
મુસલમાન વર્ષ : 1447 શવ્વાલ માસનો 21મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાંઃ રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : સવારે :10:30 થી 12:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): ધાર્મિક પ્રસંગમાં ભાગ લેવાનું બને. પ્રવાસ પર્યટન, શિક્ષણ, આયાત-નિકાસ જેવા કામમાં પ્રગતિ થાય.
વૃષભ (બ,વ,ઉ,): સરકારી યોજનાનો લાભ મળે. ઘરમાં ધાર્મિક અનુષ્ઠાનનું આયોજન થાય. અચાનક સફળતા મળે.
મિથુન (ક,છ,ઘ,): રોજની આવક વધે. રોજના કામમાં અનુકૂળતા રહે. સામાજિક પ્રવૃત્તિથી શાંતિ મળે. ઘરમાં અવરજવર થાય.
કર્ક (ડ,હ,): સરકારી કામમાં પ્રગતિ થાય. નોકરીમાં નવી જવાબદારી વધે. હરીફોની હેરાનગતિ અને ખર્ચા વધશે.
સિંહ (મ,ટ,): પ્રેમવિવાહનો પ્રસ્તાવ આવી શકે છે. વિદ્યાભ્યાસમાં નવું શીખવા મળે. મનોરંજન પ્રવાસ થાય.
કન્યા (પ,ઠ,ણ,): જમીન કે મિલકતનાં સોદા થઇ શકે છે. નોકરી ધંધાર્થે પ્રવાસ થાય. ઘરમાં વડીલોના ખર્ચા વધશે.
તુલા (ર,ત,): પ્રવાસ, ધર્મ-કર્મને લગતા કામની જવાબદારી મળે. ટેક્નોલોજી, શિક્ષણને લગતા કામમાં લાભ થાય.
વૃશ્ચિક (ન,ય,): વાણી પર કાબૂ રાખવો. ઘરમાં, અશાંતિ અને ખર્ચા વધશે. અચાનક શુભ સમાચાર મળે.
ધન (ભ,ધ,ફ,ઢ,): પડવા-વાગવાથી સાવધાન. મન અતિક્રિયાશીલ રહે. નોકરી ધંધામાં વિઘ્નો આવે. અટકેલાં કામ પાર પડશે.
મકર (ખ,જ,): ધાર્મિક પ્રવાસ થાય. માનસિક અશાંતિ અને ખર્ચા વધશે. ગુપ્ત ભય સતાવે. સંતાન ચિંતા રહે.
કુંભ (ગ,સ,શ,ષ,): મિત્રો સાથે આવક વધારવાની યોજના બને. વિજાતિય મિત્રોનો સાથ મળે. અભ્યાસમાં પ્રગતિ.
મીન (દ,ચ,ઝ,થ,): ઉપરી વર્ગનો સાથ મળે. સમાજમાં યશ મળે. ધંધામાં આવક વધે. નવી નોકરી મળી શકે છે.

કોઈ પણ સાલમાં 10 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ વધારનાર અને આરોગ્ય નરમ-ગરમ રાખનાર રહેશે. નવી જવાબદારી, નવા ફેરફાર કામનો બોજ અને નવા હરીફોનો સામનો કરવાનું વધશે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ટેકનોલોજીનો લાભ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. સંતાનોના અભ્યાસ કેરીયરની ચિંતા સતાવે. ઉઘરાણી અટકે. ઉંમરલાયકના વિવાહના ખર્ચા આવે. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. વધારાની આવકની યોજનામાં ચડતીપડતી રહે. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્ય વર્ષમાં પાર પડે. વડીલો-મિત્રોની મદદ મળતી રહે. વારસા, જાયદાદ જમીન જેવાં કામ ધીમાં પડશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં સરકારી નીતિ પ્રમાણે કામ કરવું પડશે. યાત્રા-પ્રવાહ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટ, રવિ સોમવાર, 1,10, 28 તારીખે નવાં કામ કરી શકાય. સોનેરી ભૂરો અને કથઇ રંગનો ઉપયોગ કરતા રહેવું. નવેમ્બર-ડિસેમ્બર, શુક્ર-શનિવાર, 7, 16, 25 તારીખે નવાં કામ ટાળવો. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો.

બે વર્ષ પહેલાં રાહુલ રાજ મોલમાં ચોરી કરનાર રીઢો યુપીથી ઝડપાયો

સુરતઃ બે વર્ષ પહેલાં રાહુલ રાજ મોલની દુકાનના તાળાં તોડી રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયેલા વોન્ટેડ આરોપીને સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ ખાતેથી દબોચી લીધો છે.

ઘટનાની વિગત મુજબ, વર્ષ 2024માં ઉમરા પોલીસ સ્ટેશનની હદમાં રાહુલ રાજ મોલના ગેટ નં-2 પાસે આવેલી 'રેડટેપ ઓનલાઈન' નામની આઉટલેટની દુકાન નંબર 6 અને 6/એ ના દરવાજા તોડી રૂ. 38,034ની રોકડ ચોરી કરી તસ્કરો નાસી છૂટ્યા હતા. આ મામલે ઉમરા પોલીસમાં ગુનો નોંધાયો હતો. ક્રાઈમ બ્રાંચની આર્મ્સ સ્કોડે બાતમીના આધારે ચોરીના મુખ્ય આરોપી રીષી પવન ગુપ્તા (ઉં.વ.24) ઉત્તરપ્રદેશના પ્રતાપગઢના અજીતનગર વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. પૂછપરછમાં રીષીએ કબૂલાત કરી હતી કે તેણે પોતાના સાગરીતો શિવમ વર્મા અને પ્રશાંત ઉર્ફે વિક્કી શર્મા સાથે મળી આ ચોરી કરી હતી.

સુપરડુપર હીટ, જબરજસ્ત ફુલ એક્શન

ધુરંધર-2
રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન
૧૨.૦૦, ૧૨.૪૦, ૪.૦૦, ૬.૦૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS ગોપીતળાવ નવસારી બજાર, સુરત

સુપરડુપર હીટ, જબરજસ્ત ફુલ એક્શન
ધુરંધર-2
રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન
૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૦૦, ૨.૪૫, ૪.૧૫, ૫.૧૫, ૭.૪૫, રાત્રે ૮.૪૫, ૯.૩૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ફ્રી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
ફુલ એક્શન

ધુરંધર-2
રણવીરસિંહ, સંજયદત્ત
હિન્દી એક્શન

ડાકોઈટ
2D હિન્દી
The Super Mario Galaxy Movie
સુપરહીટ ફિલ્મ
ધ કેરળ સ્ટોરી-2

RAJ IMPERIAL
DOLBY ATMOS
INOX
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777
(હિન્દી) સાઉથ એક્શન થ્રીલર
ડાકોઈટ
એક પ્રેમકથા
મૃણાલ ઠાકુર, આદિવીશેષ, પ્રકાશરાજ
9.00 am, 12.10 pm, 3.20 pm, 6.30 pm, 9.40 pm

ખૂંખાર એક્શન થ્રીલર
ધુરંધર-2
ATMOS : 8.30 am, 9.30 am, 10.20 am, 1.00 pm, 2.30 pm, 3.20 pm, 5.25 pm, 6.00 pm, 7.50 pm, 9.00 pm, 9.55 pm
રેગ્યુલર : 12.05 pm, 4.30 pm, 10.30 pm

હિન્દી એક્શન થ્રીલર
Project Hail Mary
9.00 am, 2.50 pm, 9.15 pm

3D હિન્દી-બાળકો જુઓ
The Super Mario Galaxy Movie
10.20 am, 12.35 pm